Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ પ્રારંભ પ્રાર્થના. ... ( વેલચંદ ધનજી ) ... ... ૧૪૭
૨ પ્રતિબિંબ. ... ... ... ... ... ... ... ૧૪૯
૩ સંયમ ... ... [ લે૦ ચોકસી ] ... ... ... ૧૫૨
૪ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ... ( અનુવાદ ) ... ... ૧૫૫
૫ અમારી પૂર્વદેશની યાત્રા. ( મુનિરાજ શ્રી દર્શન વિ. મહારાજ ) ૧૬૦
૬ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. (નરોતમદાસ. બી. શાહ. ) ૧૬૨
૭ શ્રાવકાચાર. ... ... ... ... ... ... ... ૧૬૪
૮ શ્રી મહાવીરના ઉપદેશનું રહસ્ય. ( સં. સ. ક. વિ. ) ... ૧૬૬
૯ પ્રતિષ્ઠા અને તેનું રહસ્ય [ શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહા૦ ] ૧૬૮
૧૦ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ૧૬૯
૧૧ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૭૦


---


ઘણી થોડી નકલો છે...જલદી મંગાવો...જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. ( ૪ )

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસુરિકૃત સ્વોપજ્ઞ** ટીકાયુક્ત **ચાર કર્મગ્રંથ** કે જે આગળ અન્ય તરફથી બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક તાડપત્રીય અને બીજી અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરી પ્રમાણિકપણે સંશોધન મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતા કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીયે.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડી વિષયોને છુટા પાડવા સાથે, દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથોમાંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલાં છે. છેવટે છ પરિશિષ્ટોમાં, પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોકો વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ, ચોથામાં કર્મગ્રંથ અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમામાં ટીકામાં આવતા પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે. પ્રસ્તાવના ગુજરાતીમાં એટલા માટે આપેલી છે કે સર્વકોઇ આ કર્મગ્રંથનું સ્વરૂપ, મહત્ત્વતા, ગ્રંથપરિચય, કર્મ વિષય સાહિત્યની ઓળખ, ગ્રંથકારનો પરિચય, પરિવાર, ગ્રંથરચના, પ્રતિઓનો પરિચય વગેરે જાણી શકે, જેથી ગુજરાતી ભાષાના જાણ અને આ કર્મવિષયક ગ્રંથનું મહત્ત્વ જાણવાના જિજ્ઞાસુઓ માટે સંપાદક મહાપુરૂષોએ અતિ ઉપકાર કર્યો છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા ( પોસ્ટેજ જુદુ ) કિંમત રાખવામાં આવેલ છે.

–:લખો:–

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ-ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. माघ. आत्म सं. ३९. { अंक ७ मो.

( વિદ્યાર્થિઓ માટે. )

## પ્રારંભ-પ્રાર્થના.

સપ્તક.

( ચાલ—અય માતૃભૂમિ તેરે, ચરણોમેં શિર નમાવું. )

( ૧ )

નમીએ " પ્રભુ " ને પ્રેમે, સદ્વર્તનાની નેમે;
માર્ગાનુગામી બનવા, સંસ્કારિતાને ઘડવા........નમી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ )

પૂજન " સરસ્વતી " નું, અપે એ કામધેનું;
વિધિ પૂર્ણતાએ કરતા, જ્ઞાની બને સમરતા.........નમી.

( ૩ )

' ગુરૂદેવ ' ને હમેશા, વન્દન વિનય કરેશા;
વડિલોની આજ્ઞા માનો, કર્તવ્યને પિછાનો.........નમી

( ૪ )

અભ્યાસ ઇષ્ટ કરવા, અજ્ઞાનતાને હરવા;
નિયમિત નિત્ય રહેવું, સાત્વિક સત્ય કહેવું.........નમી.

( ૫ )

" સાદું જીવન ગુજારો, " કુટેવોને સુધારો;
વિદ્યાર્થિ સર્વ સાથે, રહો મિત્રતાને પાથે.........નમી.

( ૬ )

" રાષ્ટ્રીય હિત જેમાં, ઉત્કર્ષ સત્ય એમાં;
સમઝાય સત્ત્વ શોધે, અહિંસા એ પ્રબોધે. "........નમી.

( ૭ )

નિઃસ્વાર્થ સેવ કરતાં, ધાર્મિક વૃત્તિ ધરતા;
દૈવી સહાય મળશે, ઇચ્છા સુરમ્ય ફળશે........નમી.

( વેલચંદ ધનજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

[ જીવંત શક્તિસંપન્ન જૈન–પરંપરા ]

ડૉ. એચ. વાન ગ્લાસેનપ્પ, બર્લીનની યુનિવર્સીટીમાં સંસ્કૃતના અધ્યાપક છે. જૈન–સાહિત્યના વિષયમાં પણ તેઓ ઘણો સારો રસ લે છે. જૈનધર્મ વિષે એમણે જે પુસ્તક લખ્યું છે તે જ એની સાબીતી માટે બસ છે.

ડૉ ગ્લાસેનપ્પ જ્યારે હિંદમાં મુસાફરી કરતા હતા ત્યારે એમને કોઇએ પૂછેલું કે:–"આજ સુધીમાં વિવિધરૂપે જૈનધર્મને જે અન્યાય અપાયો છે તેનું મુખ્ય કારણ આપને શું લાગે છે ?"

ડૉકટર સાહેબે જવાબ વાળ્યો:–" ઇતર ધર્મો બળવાન બન્યા, રાજકીય દૃષ્ટિએ અને સંસ્કાર દ્રષ્ટિએ સર્વોપરી બન્યા એટલે જૈન દર્શનને છેલ્લા દિવસો દરમિયાન દબાઇ રહેવું પડયું. ઇતર ધર્મો બ્હાર આવી ગયા, જૈન ધર્મના વિષયમાં પૂરતી હકીકત ન મળવાથી લોકોએ અનેક પ્રકારની કપોળ-કલ્પનાઓ કરી."

પોતાના એક વ્યાખ્યાનમાં પણ એમણે એ વાત દાખલા દલીલ સાથે સમજાવી. એમણે કહ્યું:

પાશ્ચાત્ય ગ્રંથોમાં જૈન સંબંધી પહેલવહેલો ઉલ્લેખ ગ્રીક ગ્રંથોમાં થયો. તે પછી વાસ્કો–ડી–ગામાના સમયનો ઉલ્લેખ એ બીજો ઉલ્લેખ. "અહીંના લોકો માંસ–મચ્છી ખાતા નથી, અને બહુ જીવદયા પાળે છે" એવી જે હકીકત મળે છે તે જૈનોને લક્ષીને જ લખાયેલી હોવી જોઇએ.

કંપની સરકારના સમયમાં કોલથ્રુકની ડાયરીમાં જૈનો સંબંધે ત્રીજો ઉલ્લેખ મળે છે. તે પછી તરતજ સ્ટીવન્સનના કલ્પસૂત્ર અને નવતત્ત્વ એ બે ગ્રંથોનાં ભાષાંતર લાધે છે. અહીં સુધી બધા જ, જૈનને બૌદ્ધ ધર્મની શાખારૂપ માનતા. કેટલાકો તો રોમન દેવી–જેનસ ઉપરથી જૈનધર્મ નામ પડયું છે એમ કહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૉ. જેકોબીએ એ ભૂલ ભાંગી. વિદ્વાનોએ એમની વિચારશૈલી સ્વીકારી.

હવે પૌર્વાત્ય ગ્રંથોમાં ક્યાં ક્યાં ઉલ્લેખ છે તે જોઇએ. પ્રથમ ઉલ્લેખ વેદમાં મળે છે. પણ તેને ઐતિહાસિક ન કહી શકા.ય બીજો ભાગવાત પુરાણુમાં મળે છે. ઋષભદેવને અહીં વિષ્ણુના પહેલા અવતાર રૂપે ઓળખાવ્યા છે. ત્રીજો ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથોમાં અને ચોથો શંકરાચાર્યના ભાષ્યમાં. આ પ્રમાણે ઘણા જુના સમયથી જૈન ધર્મની અસર ઇતર ધર્મો ઉપર પડેલી જોઈ શકાય છે. વૈદિકોના જુલ્મે જ્યારે માઝા મૂકી ત્યારે જૈન સાધુઓને એ દેશ છોડવો પડ્યો. બૌદ્ધોએ પણ છેલ્લી વિદાય લીધી. એટલું છતાં જૈન પરંપરા એ જીવંત શક્તિ છે. Jain tradition is a living Power એ જૈનોએ બતાવી આપ્યું.

વૈષ્ણવ અને શૈવ સંપ્રદાય ઉપર જૈન ધર્મનો પ્રભાવ પડ્યો છે. આંધ્રના એક સંશોધકે પૂરવાર કર્યું છે કેઃ–" શૈવની ત્રિમલ, કિંવા ત્રિપાશની કલ્પના, જૈનોના યોગત્રય ઉપરથી જ ઉદ્ભવી છે." ત્રિગુપ્તિનો પણ અદ્વૈતવાદે એવો જ ઉપયોગ કરી વાળ્યો છે. પારસી–ધર્મને અને જૈન સંસ્કૃતિને પણ સંબંધ હોય એમ જોઇ શકાય છે. માધ્વ–તત્ત્વજ્ઞાન તો જાણે જૈન દર્શનનું જ પરિણામ હોય એમ લાગે છે. લિંગાયતધર્મ ઉપર જૈન ધર્મનો પ્રભાવ દેખાઈ આવે એવો સ્પષ્ટ છે. મચ્છેંદ્રનાથ અને ગોરખનાથ ઉપર પણ જૈન સંસ્કારોની છાપ પડી હતી- ઉત્તર તરફનો વૈષ્ણવપંથ, જૈન ધર્મનું હિંદુ–રૂપાંતર માત્ર છે. મુસલમાન ધર્મ ઉપર પણ જૈન ધર્મની અસર છે. ઈ. સ. ના અગ્યારમા સૈકામાં થઈ ગયેલ અબ્દુલાના અહેવાલ પરથી જૈન ધર્મનો પ્રભાવ કેટલો ઉંડો હતો તે સમજાય છે. અબ્દુલ્લા- માંસાહાર ન્હોતો કરતો, વનસ્પતિ જ ખાતો, દારૂ પણ પીતો ન્હોતો; એટલું જ નહીં પણ ચામડાનાં જોડાં સુદ્ધાં વાપરતો ન હતો. એણે પોતાના મૃત્યુ પછી અગ્નિદાહ દેવાની સગાં–સંબંધીઓને ભલામણ કરી હતી.

જૈન કળા માટે તો શું બોલવું એ જ નથી કળાતું. મુસલમીન કળા ઉપર જૈન કળાનો ખુલ્લો રંગ છે.

જૈન દેવળોમાં બીજા ઘણા ઘણા દેવોએ પ્રવેશ કર્યો છે અને બીજા ધર્મના ઘણા રિવાજો જૈનોએ અપનાવ્યા છે; પણ આ રિવાજો ઉપર–ઉપર જ રહ્યા છે–ઉંડે ઉતરી શક્યા નથી. એને outward Superficialities કહી શકાય. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુ ગ્રંથમાં તીર્થંકરને બદલે બધે બોધિસત્ત્વ શબ્દ વાપર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. વૈદિકોની જેમ જૈનોએ પણ દેવોની પાસે વિધવિધ યાચનાઓ કરી છે. આ બધી કાળબળની અસરો છે.

સ્ટોઈક પંથ ઉપર જૈનનો પ્રભાવ પડ્યો હોય એમ નિશ્ચિતપણે કહી શકાય નહીં, તેમ ખ્રીસ્તીઓ સાથે જૈનો કેવો સંબંધ રાખતા તે પણ જણાયું નથી; પણ કોઈ એક લેખકે લખ્યું છે કે જેમ ઇસુ ક્રાઇસ્ટની પાસેથી જુડાસ જુદો પડ્યો તેમ મહાવીર ભગવાન પાસેથી ગોશાળો જુદો પડ્યો.

(૧) સ્તૂપઃ ચૈત્ય, (૨) અર્હત્ જિનઃ બુદ્ધ (૩) ચક્રવર્ત્તી (૪) અહિંસા (૫) સંઘ (૬) યશોદા, યશોધર, શુદ્ધોદન, સિદ્ધાર્થ (૭) સરખા ચરિત્ર અને સરખા સમય (૮) નિરીશ્વરવાદ. આ બધી બાબતોને અંગે બૌદ્ધો અને જૈનો વચ્ચે ઘણો ગોટાળો થઇ ગયો છે.

પણ બૌદ્ધોના ક્ષણિકવાદ, અનાત્મવાદ, નિર્વાણવિષયક શૂન્યવાદ અને પંચસ્કંધ, સાધન ચતુષ્ટય સંઘમાં માત્ર ભિક્ષુ ભિક્ષુણી સિવાય અન્ય વર્ગનો અભાવ એ બધી બાબતો સાથે જૈનોના અનેકાંતવાદ, મોક્ષની સુંદર કલ્પના, રત્નત્રયીની આવશ્યકતા, ચતુર્વિધ સંઘની કલ્પના, ધ્યેય તરિકે ઇશ્વરની પ્રતિષ્ઠા વિગેરે વસ્તુઓની તુલના કરતાં એ બન્ને વચ્ચે જમીન આસમાનનો તફાવત હોય એમ લાગે છે.

મહાવીર અને બુદ્ધ બન્ને એક દેશના, એક જાતિના અને એક જ સમયના હોવાથી બન્નેના જીવનમાં સમાનતા દેખાય એ સ્વાભાવિક છે; પણ એટલા જ ઉપરથી બન્નેના સિદ્ધાંત કે ઉપદેશમાં કંઇ ફરક નથી એમ કહેવું મિથ્યા છે.

આશ્રવ શબ્દ બૌદ્ધ સાહિત્યમાં પણ છે પરંતુ તે ઘણા સંદિગ્ધ અર્થમાં વપરાયો છે. જૈન ગ્રંથમાં એનો અર્થ સ્પષ્ટ છે. પિહિતાશ્રવ નામના જૈન સાધુ પાસે બુદ્ધે પહેલી દીક્ષા લીધેલી હોવી જોઇએ અને ત્યાં જ તેણે જૈનધર્મનું અધ્યયન કર્યું હશે. પાછળથી જૈન વ્રત પળાયા નહીં એટલે એણે એક સ્વતંત્ર મત કાઢયો અને બીજાએ મારેલાં પ્રાણી આહારમાં વાપરવામાં હરકત નથી એવી શિથિલાચારી કલ્પના ઉપજાવી હોય તો તેમાં આશ્ચર્ય જેવું નથી.

ડૉ. સાહેબે જૈનધર્મના અધ્યયન અને સંશોધનની કેટલી જરૂર છે તે બતાવી કેટલાક પ્રશ્નોના ટૂંકા જવાબ પણ આપ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંયમ.

ઇંદ્રિયોનો સંયમ કેવા પ્રકારે શક્ય છે એ વાત વિચારી ગયા. હવે કષાય પરના કાબૂનો વિચાર કરીએ. એટલું હૃદયમાં ખાસ કોતરી રાખવાની જરૂર છે કે–સંસારના વિવિધ પ્રકારના ભટકારામાં જો કોઈ મહત્ત્વનો ભાગ ભજવનાર પાત્ર હોય તો તે આ કષાયની ચોકડી જ છે. અધ્યાત્મકલ્પદ્રુમમાં શ્રીમાન્ મુનિસુંદર સૂરિ મહારાજે કહ્યું છે કે–

સંસારરૂપ એક વિષવૃક્ષ છે, તેને ટકાવી રાખનાર મજબૂત મૂળીયા સમાન કષાયો છે, તેથી જ્યાં સુધી એ મૂળીયાને જડમૂળથી ઉખેડી ફેંકી દેવામાં ન આવે ત્યાં સુધી સંસારનો પાર ન જ લાધી શકે અર્થાત્ સંસાર-ભ્રમણ ચાલુ રહે.

કષ–સંસાર અને આય લાભ આમ વ્યુત્પત્તિથી પણ કષાયની વ્યાખ્યા કરતાં સંસારનું પરિભ્રમણ જે વધારે કરાવે તે કષાય એવો અર્થ થાય છે. કર્મગ્રંથકારે ભાર મૂકીને જણાવ્યું છે કે આઠ કર્મોમાં મોહિની કર્મ રાજા

---

સ૦–પાશ્ચાત્ય વિદ્વાનો જગતના ધર્મોમાં જૈનધર્મને કેવું સ્થાન આપે છે?

ડૉ. સાહેબ........મહત્ત્વનું Prominent

સ૦ વધારેમાં વધારે પ્રાચીન ધર્મ કયો ?

જવાબ–બુદ્ધ પહેલા જૈનધર્મ હતો. બાકી તો એ પ્રશ્ન અનેકાંત પદ્ધતિએ ચર્ચવા યોગ્ય છે. હિંદુ શબ્દમાં ઘણો ગૂઢ અર્થ રહ્યો છે. હવે જો હિંદુધર્મનો અર્થ પૌરાણિક ધર્મ કરવામાં આવે તો જૈનધર્મ એના કરતાં પ્રાચીન છે એમ કહેવું જોઈએ. હિંદુ એટલે વૈદિક ધર્મ એમ કહેવામાં આવે તો પણ જૈન ધર્મ પ્રાચીન છે એમ કહેવું પડે. વેદાંત પાસે કંઈ ઐતિહાસિક ખુલાસો નથી. વેદકાળના સંબંધમાં ઘણા મતભેદ છે એટલે નિશ્ચિતપણે કંઇ કહી શકાય નહીં. વેદકાળ પહેલાં જે ધર્મ હતો તે જ હિંદુધર્મ એવો અર્થ કરવામાં આવે તો તે વખતે પણ જૈન ધર્મ હતો જ. મતલબ કે એ પ્રશ્નનો સીધો જવાબ આપવો કઠિન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન છે. એનો જય કર્યો એટલે બાકીના સાત પર વિજય મેળવતા વિલંબ નથી થતો. એ મોહિની કર્મના બે સંતાનઃ એકનું નામ રાગ અને બીજાનું નામ દ્વેષ તેમાં રાગનો પુત્ર લોભ અને પુત્રી માયા, જ્યારે દ્વેષના પુત્રો ક્રોધ અને માન એ બધાંનો વાડી વિસ્તાર વડના મૂળીયા માફક વિસ્તરે છે એમ ઉપમિતિભવપ્રપંચાના કર્ત્તા સિદ્ધર્ષિ મહારાજનું કથન છે. ટૂંકમાં કહીયે તો સર્વ પ્રકારના સંયમમાં કષાય પરનો સંયમ એ અતિ મુશ્કેલીભર્યો છે અને તેમાં પણ ક્રોધ ને માન જીતવા કરતાં માયા ને લોભ પર આધિપત્ય પ્રાપ્ત કરવું એ અતિ વિકટ કાર્ય છે. તેથી દ્વેષ કરતાં રાગનું બંધન ભારી દેખાડયું છે. તે મીઠી મધલાળ જેવું છે. લોભના પર સર્વ જાતનો કાબૂ દશમા ગુણસ્થાનકની પ્રાપ્તિ વગર શકય પણ નથી. લોભ એ તો સર્વ પાપનો બાપ કહેવાય છે.

જ્યાં જ્યાં ભલભલા ત્યાગીઓ પણ ભીંત ભૂલે છે એવા આ કષાયો પર વિજયશ્રી વરવા માટે સંસારસ્થ આત્માઓએ સદૈવ જાગ્રત રહેવાની જરૂર છે. નાનામાં નાની બાબતથી તે મોટામાં મોટા બનાવમાં બારિકાઈથી અવલોકન કરવામાં આવશે તો જરૂર જણાશે કે એમાં પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ ને કોઈ કષાયનો હાથ છે, તેથી તો એને ચંડાળ ચોકડીની ઉપમા અપાય છે. ક્રોધે ક્રોડપૂરવ તણું સંયમ ફળ જાય–એ લીંટી આપણે સૌ કોઈ જાણીએ છીએ. ચંડકોશિયા સર્પનું દૃષ્ટાન્ત તો પ્રતિવર્ષ આપણે કલ્પસૂત્રમાં સાંભળવાના છતાં ક્રોધના પંજામાં નથી આવતાં એવું છાતી ઠોકીને કહી શકાશે ખરૂં ?

"વીરા મોરા ગજથકી ઉતરો ગજ ચડયા કેવલ ન હોય" એ વાત પણ જૈન સંતાન માટે ઘરગથ્થુ જેવી છે. અભિમાનથી બાહુબળિ વર્ષ સુધી કેવલ ન પામ્યા એ કોણ નથી જાણતું ? છતાં એ માનના નામે આપણામાં અને આગળ વધીને કહીયે તો સમાજ અને ધર્મમાં ઓછા કલેશ ચાલી રહ્યાં છે ?

માયા કરવાથી મલ્લિનાથ સ્ત્રીવેદ પામ્યા એમ કહેનારા આપણે વણિકો માયાના તો મંદિર જેવાં છીએ. નિખાલસ દિલથી સાચી વાત કરવાની પદ્ધતિ હજુ આપણે શિખવાની છે. માયા યાને કપટને આપણે કળા બનાવી, દૂષણને ભૂષણ બનાવી ધારણ કરી રાખ્યું છે; કેમકે વ્યવહારમાં કપટકળા કેળવી જાણનાર ચતુર ગણાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપના મૂળ લોભ ને તો મડાગાંઠ બાંધી છે. એ માટે કથાનકના પાના ફેરવતાં સંખ્યાબંધ ઉદાહરણો નજરે ચઢે છે. સુભૂમ–કપિલદ્વિજ આદિ કેટલાયે આપણા સ્મૃતિપટમાં રમે છે, છતાં આપણા જીવનમાં અમલ કેટલા પુરતો ?

સોનામહોરના અર્થી કપિલ બ્રાહ્મણે દિવસના અંતે તાત્પર્ય કહાડયું કે "જહાલાહો તહાલોહો" અર્થાત લાભથી લોભ વૃદ્ધિ પામે છે અને તરત જ મમતાને તિલાંજલી દઈ અકિંચનતા આદરી એક સમયના મોહાંધ સમયાંતરે કેવલી બન્યા પણ આવા રોમાંચકારી દૃષ્ટાન્તો શ્રવણ કરનાર આપણું શું ?

એક જ સાર અને તે એટલો જ કે ક્રોધ માન–માયા અને લોભરૂપ કષાયો પર બારિક નિરીક્ષણ કર્યા જવું. આપણે શ્રાવકના કર્ત્તવ્યો પર વિચારણા આદરી છે એનો (શ્રાવકનો) વ્યવહાર જ એવો છે કે ડગલેપગલે એને આ કષાયરૂપી ચોકડીના સમાગમમાં રોળાવું પડે છે; છતાં પણ કૃતનિશ્ચયી વ્યકિત સર્વ કંઈ કરી શકે છે. રોજનું અવલોકન અવશ્ય પ્રગતિના પારાને ઉંચે લઈ જશે, માટે કષાય પર કાબૂ મેળવવાની પ્રતિદિન ટેવ પાડવી.

કષાય સંયમ લભાય તો યોગ સંયમ મુશ્કેલ નથી. મન વચન અને કાયારૂપી ત્રણ યોગો અને એ દ્વારા કર્મોનું આગમન થતું રહે છે તેની હદ તેરમા ગુણસ્થાનક સુધી કહેવામાં આવી છે એના કારણો પણ છે. મન માંકડા જેવું રહ્યું એના તરંગો પર કાબૂ આણવામાં સખત પરિશ્રમ ખેડવો જોઈએ. આપણે કયાં નથી જાણતા કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ ચારિત્રના આરે ઉભાછતાં મનમાં મોટો સમરાંગણ ચલાવી રહ્યા હતા.

મનની આવી વિચિત્ર વલણ નિહાળીને યોગીપ્રવર શ્રી આનંદઘનજી કથે છે કે:

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.**

અને જો મનયોગ પર કાબૂ આવ્યો તો વચન પર ઝાઝો વિલંબ ન જ લાગે, પણ આ બધી ઉંચી કક્ષાની વાતો છે. સંસારસ્થ આત્માઓએ યોગજય અર્થે પ્રતિદિન કંઇને કંઈ સમય ફાજલ કહાડી મૌન સેવનની ટેવ પાડવી. એ દ્વારા જે વસ્તુ અત્યારે અસાધ્ય જેવી દેખાય છે તે સાધ્યની કોટિમાં આવતી આપણને પ્રતીત થશે **'ચોકસી'**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

[ સૃષ્ટિ કર્તૃત્વવાદ પ્રકરણ ૨ ]

[ ગતાંક પૃષ્ઠ ૧૨૮ થી શરૂ ]

પ્રો. હેકલે શક્તિના સંબંધમાં જે મનનીય અભિપ્રાય વ્યક્ત કર્યો છે તેના વિચારો નીચે પ્રમાણે છેઃ—

"એવો કોઈ અમૂર્ત્ત પદાર્થ કે શક્તિ નથી જે ભૌતિક પદાર્થને આધીન ન હોય. એવી કોઇ શક્તિ નથી જેને કોઈ ભૌતિક ગતિથી વેગ મળતો ન હોય. આધ્યાત્મિક જીવન તેમજ ઉચ્ચ વિચારોમાં પણ ભૌતિક ક્રિયાઓને અવશ્ય સ્થાન છે. ચેતનાનો વિચાર કરતાં તેનું અમૂર્ત્ત અસ્તિત્વ સંભવી શકે એમ કલ્પનામાં પણ આવી શકતું નથી. અસત્ય જ્ઞાન, આરોગ્યની સ્થિતિ તેમજ સારા-નરસા પદાર્થો (ચ્હા, કોફી, કસ્તુરી, કપૂર વિગેરે )નાં સેવનથી ચેતના ઉપર જરૂર અસર થાય છે."

રેડીયમની શોધ થયા પછી ભૌતિક પદાર્થો અને પદાર્થો વિષયક પ્રચલિત માન્યતામાં ઘણું પરિવર્ત્તન થયું છે. પરમાણુઓનું રહસ્ય અને આશ્ચર્યકારત્વ જગતને વિલક્ષણ સ્વરૂપમાં પ્રાપ્ત થયું છે.

સૃષ્ટિની ઉત્પત્તિ કોઇના વિચાર, સંકલ્પ, યુક્તિ આદિનું પરિણામ છે એવાં મંતવ્યનો આધુનિક વિજ્ઞાન સ્પષ્ટ રીતે ઇન્કાર કરે છે. કોઈ ઉત્પાદકના સંકલ્પ કે ઇચ્છાથી સૃષ્ટિનો આશ્ચર્યકારી રીતે પ્રાદુર્ભાવ થયો એવાં આધ્યાત્મિક મંતવ્યનો સદ્ય વિજ્ઞાન પ્રતિરોધ કરે છે. સૃષ્ટિની ઉત્પત્તિ અને સ્થિતિ કુદરતના અવિચળ નિયમોને જ આધીન છે એવી માન્યતા ઘણાખરા પ્રખર વૈજ્ઞાનિકોની હોય એમ નિર્વિવાદ રીતે પ્રતીત થાય છે. ઘડીયાળી વિના ઘડીયાળની સંભાવના જેમ હોઇ શકે નહિ તેમ સૃષ્ટિના કર્તા વિના સૃષ્ટિની સંભાવના અશકય છે, એવું પ્રમાણ સૃષ્ટિનો કોઈ કર્તા હોવાની જેમની માન્યતા છે તેમના તરફથી અવારનવાર ઉપસ્થિત કરવામાં આવે છે. સૃષ્ટિનો કોઇ કર્તા છે, હોવો જ જોઇએ એવી નિરતિશય શ્રદ્ધાવાળા મનુષ્યો સૃષ્ટિનો કોઈ કર્તા હોવાની પોતાની માન્યતાનાં સમર્થનમાં આવાં આવાં પ્રમાણો રજુ કર્યા કરે છે. સૃષ્ટિનો કોઈ કર્તા હોવાની માન્યતા ઉપરથી અનેક મુદ્દાઓ ઉપસ્થિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે એ મુદ્દાઓમાં શૂન્યમાંથી ઉત્પત્તિ અને સૃષ્ટિનો આદિ પ્રારંભ એ બે મુદ્દાઓ ખાસ મહત્ત્વના હોઇને તે સંબંધી આપણે વિચાર કરીએ.

શૂન્યમાંથી ઉત્પત્તિ એ કેવળ અસંભાવ્ય ઘટના છે. શૂન્યમાંથી કોઈ વસ્તુનો પ્રાદુર્ભાવ થાય એ સર્વથા અસંભવિત છે. વળી શૂન્યમાંથી ઉત્પત્તિ, શૂન્યત્વના ભાવની અસંગતતાને કારણે પણ સંભવી શકે નહિ. શૂન્યની કલ્પના પણ મિથ્યા છે. શૂન્યની વાસ્તવિક કલ્પના ચિત્તથી શકય નથી. શૂન્યત્વ ભાવ એટલે કોઇ પણ વસ્તુનાં અનસ્તિત્વનો ભાવ એમ વિચારતાં કોઇ પણ વસ્તુનાં અસ્તિત્વનું ચિત્તમાંથી નિઃસારણ થાય છે. સૃષ્ટિનો પ્રારંભ કોઈ રીતે થયો હશે એમ માની લેતાં; સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તે પહેલાં સર્વ વસ્તુઓ અસ્તિત્વની અદ્રશ્ય સ્થિતિમાં હોવી જ જોઇએ એમ જરૂર માનવું પડે; **ઝીયને** સૃષ્ટિની ઉત્પત્તિ અગાઉની સ્થિતિ સંબંધી સુંદર નિરૂપણ કર્યું છે. એ નિરૂપણનો સારભાગ આ રહ્યો.

પ્રભુએ સાત કાળ ચક્રરૂપી અનંતકાળ સુધી અદ્રશ્ય સ્વરૂપે નિદ્રા લીધી હતી તે વખતે સમયનું અસ્તિત્વ પણ ન હતું. બુદ્ધિયુકત જીવોનો પ્રાદુર્ભાવ ન થયેલો હોવાથી તે સમયે મનદેવતાનું અધિરાજ્ય પણ ન હતું. દુઃખનાં કારણોનો સર્વથા અભાવ હતો. સર્વત્ર ગાઢ અંધકાર દૃષ્ટિગોચર થતો હતો. આ વિલક્ષણ સ્થિતિમાંથી આખરે અનંત સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થયો. સૃષ્ટિની ઉત્પત્તિ થતાં સર્વત્ર જીવન વિલસી રહ્યું પ્રભુમાં જે કંઇ દ્રશ્ય અને અદ્રશ્ય સ્વરૂપે હતું તે સર્વનો સંપૂર્ણ રીતે પ્રાદુર્ભાવ થયો.

કલ્પિત શૂન્ય સ્થિતિ એ શું? એનો ઉપરોકત નિરૂપણથી સુંદર ખ્યાલ આવી શકે છે. જેનું સત્ય અસ્તિત્વ હોય તેનું અનસ્તિત્વ કદાપિ સંભવી શકે નહિ. વસ્તુનાં કોઈ સ્વરૂપનું અંતર્ધ્યાન થતાં તેનું દ્રવ્ય તો કોઇને કોઇ સ્વરૂપમાં કાયમ રહે છે. વસ્તુનાં સ્વરૂપમાં ગમે તેટલાં પરિવર્ત્તનો થાય પણ એ પરિવર્ત્તનોથી મૂળ દ્રવ્ય વાસ્તવિક રીતે અપરિવર્ત્તિત રહે છે. આથી જગ-તમાં કોઈ કાળે શૂન્ય સ્થિતિ ન જ હતી એમ સર્વથા સિદ્ધ થઇ શકે છે. સૃષ્ટિ શૂન્યમય હતી અને કોઇ વસ્તુનું અસ્તિત્વ ન હતું એ શબ્દોના યથા-યોગ્ય પૃથક્કરણથી શૂન્યતાનો ભાવ બરાબર સમજી શકાય છે. શૂન્યત્વમાં અસ્તિત્વનો પ્રત્યક્ષ વિરોધ છે. અસ્તિત્વની શૂન્યતા કેવી રીતે સંભવી શકે એ કલ્પનાતીત છે. પૂર્વ અસ્તિત્વ વિના વસ્તુનું અસ્તિત્વ કદાપિ સંભવી શકે નહિ. સૃષ્ટિની શૂન્યમય સ્થિતિની માન્યતા તદ્દન અસંગત હોવાનું સયુકિતક પ્રમાણ આ રીતે આપણને મળી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'શૂન્યત્વ' એટલે વસ્તુનું અનસ્તિત્વ એમ માનવાને બદલે 'વસ્તુનો નકાર' એવો અર્થ લેવાથી શૂન્યત્વનો અર્થ યુક્તિપ્રધાન બને છે. શૂન્યત્વ એટલે કંઇ પણ વસ્તુ (અવસ્તુ) નું અસ્તિત્વ એવી માન્યતા ઉપલબ્ધ થાય છે. અવસ્તુ એટલે કારક દ્રવ્ય કે તત્ત્વ, આથી 'જગત્ શૂન્યમય હતું.' તેમાં કોઇ વસ્તુનું અસ્તિત્વ ન હતું.' એ વાક્યનો અર્થ એ જ નીકળી શકે કે, જગતમાં અસ્તિત્વ તો હતું જ. અસ્તિત્વનો વિલોપ થયો ન હતો. દૃશ્ય વસ્તુઓનું અસ્તિત્વ ન હોવા છતાં ચેતન આદિનું અસ્તિત્વ તો હતું જ. ચેતન વિગેરેનાં અસ્તિત્વથી, કહેવાતી શૂન્યમય સૃષ્ટિ નિઃશૂન્ય બનતી હતી.

દ્રવ્ય કે તત્ત્વનું અસ્તિત્વ શાથી થયું એવો પ્રશ્ન અનેકવાર ઉપસ્થિત થાય છે, પણ દ્રવ્ય કે તત્ત્વ એટલે સ્વયમેવ અસ્તિત્વ હોવાથી એ પ્રશ્ન અયુક્તિક અને નિરર્થક છે. દ્રવ્ય કે તત્ત્વ એ જ પોતાનાં મૂળરૂપ છે. વળી કોઈ પરિણામ ઉપરથી તેનું કારણ તપાસવા જતાં કોઇ અસ્તિત્વયુક્ત દ્રવ્યનો તો આપણે સ્વીકાર કરવો જ પડે છે. આવી રીતે કોઇ અસ્તિત્વયુક્ત તત્ત્વનો સ્વીકાર કર્યા વિના છૂટકો જ નથી. જો કોઇ એવાં તત્ત્વનો સ્વીકાર ન જ કરીએ તો કારણનાં અન્વીક્ષણનો અંત જ આવતો નથી અથવા તો શૂન્યના ગર્ભમાંથી વિવિધ વસ્તુઓની ઉત્પત્તિ થઇ એમ માની લેવું પડે છે. આવી માન્યતા બુદ્ધિથી છેક પર થઇ પડે છે.

શૂન્યમાંથી સર્વ વસ્તુઓની ઉત્પત્તિ થઇ એ શક્ય છે એમ માની લેવું એ યથાર્થ નથી. આથી 'શૂન્ય' ની રચનામાં જ ભેદાભેદ હોવાનું પણ સિદ્ધ થાય છે. અસ્તિત્વ રહિત વસ્તુ (શૂન્ય) માં પણ વિચિત્ર પ્રકારની ભિન્નતા હોવાનું આ રીતે આપણને પ્રત્યયજનક થઇ શકે છે. શૂન્ય એટલે અસ્તિત્વનો ઈન્કાર કરવો એ સર્વથા અસત્ય છે. શૂન્ય એટલે અનસ્તિત્વ એમ માનવું એ સ્કંધ ઉપર છલંગ મારવા સમાન એટલે તદ્દન અયુક્તિક છે. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં આદિ કારણની કલ્પના અથવા તો સૃષ્ટિનો કોઇ કાળે પ્રારંભ થયો હશે એવી માન્યતા પણ અસત્યપૂર્ણ છે. સૃષ્ટિનો આદિ પ્રારંભ કલ્પનાતીત છે. આદિ પ્રારંભ માનીએ તો આદિ પ્રારંભ પછી પરિસ્થિતિમાં પરિવર્ત્તન કેમ થાય છે એ એક પ્રશ્ન થાય છે. અનુત્પાદક વૃત્તિ ઉપરથી પ્રભુને ઉત્પાદક વૃત્તિ ઉદ્ભવે છે? અને વિશ્વની રચનાનાં કારણભૂત ભૌતિક પદાર્થોનું શું સમજવું? વિશ્વની ઉત્પત્તિ થઇ તે પહેલાં એ પદાર્થો કોઇને કોઈ રૂપમાં ન હતા? અધ્યાત્મવાદીઓ આ પ્રશ્નનો નિષેધ કરશે–વિશ્વના પદાર્થોનું અનસ્તિત્વ હતું એમ કહેશે. આધુનિક વિજ્ઞાનનો મત અધ્યાત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રીઓના મત કરતાં છેક વિભિન્ન છે. શૂન્યમાંથી કોઇપણ વસ્તુની સંભાવના થઇ શકે નહિ એમ સદ્ય વિજ્ઞાન સ્પષ્ટપણે કહે છે. ભૌતિક પદાર્થો અને શક્તિનાં સંરક્ષણના નિયમોનો વિચાર કરતાં સૃષ્ટિનો પ્રારંભ કોઈ કાળે થયો હોવાનું મંતવ્ય આધાર રહિત લાગે છે. સૃષ્ટિની ઉત્પત્તિ એટલે અવ્યવસ્થાયુક્ત સ્થિતિમાંથી તત્ત્વાદિનું વ્યવસ્થાયુક્ત નિધાન એમ કેટલાક કહે છે. આ વ્યવસ્થાયુક્ત નિધાનનો પ્રારંભ માનતાં એ પહેલાં સંપ્લવની સ્થિતિ માનવી પડે છે. સંપ્લવયુક્ત સ્થિતિ માની લઇએ તો તે પહેલાં વ્યવસ્થિત સ્થિતિ માનવી જ પડે. આ રીતે સંપ્લવદશા અને વ્યવસ્થિત સ્થિતિની કલ્પનાની પરંપરા ચાલ્યા જ કરે અર્થાત્ સૃષ્ટિનો પ્રારંભ થયો હોવાની માન્યતા ભ્રમરૂપ છે. સૃષ્ટિ અનાદિ કાળથી ચાલી આવે છે, એનો પ્રારંભ સંભવી શકે નહિ.

સૃષ્ટિ–કર્તૃત્વનો પ્રશ્ન મહાન્ હોવાથી એ પ્રશ્નથી જેમનું ચિત્ત સંક્ષુબ્ધ બન્યું છે તેમને સૃષ્ટિનાં આદિ કારણના સિદ્ધાન્તથી કદાચ સંતોષ થાય એ બનવાજોગ છે; પણ એ સંતોષ વસ્તુતઃ અસંતોષને વધારનારો થઇ પડે છે. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં આદિ કારણ જેવું કશુંયે નથી. આથી જ પ્રો. **હેકલે** કહ્યું છે કેઃ—

" સૃષ્ટિની ઉત્પત્તિ અનેક વાર થઇ છે એમ ઘણી દિશાએથી કહેવામાં આવે છે પણ આ વાત સત્ય નથી. નિહારિકાઓમાંથી સૃષ્ટિના અનેક ભાગોનો ઉદ્ભવ અને સૃષ્ટિના અનેક વિભાગોની નિહારિકારૂપે પરિણતિ થવી એ કંઇ સૃષ્ટિની ઉત્પત્તિ કહી શકાય નહિ. "

આ પ્રમાણે સૃષ્ટિમાં એક વસ્તુ કે વિભાગનો નાશ થતાં બીજી વસ્તુ કે બીજા વિભાગનો ઉદ્ભવ સૃષ્ટિમાં નિરંતર થયા કરે છે. કુદરતનો આ ખેલ અનાદિ કાળથી ચાલ્યા કરે છે, આથી બીજ વૃક્ષરૂપે પરિણમે છે. વૃક્ષમાંથી બીજનો પ્રાદુર્ભાવ થાય છે. આમ સૃષ્ટિનો ક્રમ ચાલી રહ્યો છે. કોઇ વૃક્ષ પહેલું કે બીજ પહેલું એમ કહી શકે નહિ. વૃક્ષ પહેલું કે બીજ પહેલું એ પ્રશ્ન પણ નિરર્થક છે. શાશ્વત કાળચક્રમાં આદિ કારણને સ્થાન સંભવી શકે નહિ. સ્વરૂપનું આદિ કારણ હોઇ શકે. પદાર્થને આદિ કારણ સંભાવ્ય નથી. સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને તત્ત્વવેત્તા સર **ઓલીવર લૉજે** આથી જ સત્ય કહ્યું છે કેઃ—

" સત્ય અસ્તિત્વનો પ્રશ્ન સમયથી સદા પર છે એમ મને લાગે છે. વસ્તુમાં કાળાનુરૂપ પરિવર્તનો થયાં કરે પણ તેથી વસ્તુનું અનસ્તિત્વ કે અસ્તિત્વ થયું કે થાય છે એમ માની શકાય નહિ. ભૂત અને ભાવિને કારણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ વસ્તુનું અનસ્તિત્વ કે નવીન અસ્તિત્વ થાય છે એમ કહી શકાય નહિ. " ( Life & Matter )

સૃષ્ટિની ઉત્પત્તિ માત્ર ૬ હજાર વર્ષ ઉપરજ થઇ હોવાની ખ્રિસ્તીઓની માન્યતા આધુનિક વિજ્ઞાનથી અસત્ય ઠરે છે. પ્રો. હેકલે આ સંબંધમાં યોગ્ય અન્વેષણ કર્યું છે. તેઓ સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં મનનીય વિચારો રજુ કરતાં જણાવે છે કેઃ—

" ભૂસ્તરશાસ્ત્રની પ્રગતિને કારણે સૃષ્ટિની ઉત્પત્તિ કોઇ ચમત્કારી કારણે થઈ હોવાની માન્યતા નિર્મૂળ થઈ છે. પર્વતો અને ખંડોની રચનામાં કોઇ દૈવી શક્તિએ કામ કર્યું હોવાનો મત નાબૂદ થયો છે. સમયની અનંતતાની કલ્પના વિસ્તાર પામી છે. "

સૃષ્ટિ સાત જ દિવસમાં ઉત્પન્ન થઇ હતી એવી ખ્રિસ્તીઓની માન્યતાનું રહસ્ય ગમે તે હોય પણ સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં વેદાન્તીઓનું મંતવ્ય અસત્ય છે એમ કહેવું પડે છે. ભૂસ્તરશાસ્ત્રના મત પ્રમાણે આપણી દુનીયા ( જે દુનિયા ઉપર આપણે રહીએ છીએ તે ) ઓછામાં ઓછી ૧૦ કરોડ વર્ષની જૂની છે. આથી દુનીયાની પ્રથમ ઉત્પત્તિ માત્ર ૬ હજાર વર્ષ ઉપર થઇ હોવાનું મંતવ્ય અસ્વીકાર્ય થઇ પડે છે.

સૃષ્ટિનો પ્રારંભ ન જ હોય એ આ રીતે સુનિશ્ચિત છે. પ્રારંભ ન હોય તો સૃષ્ટિ શાશ્વત છે—એનો વિનાશ જ નથી એમ કોઇ પણ જાતની આશંકા વિના કહી શકાય. શૂન્યમાંથી સૃષ્ટિની ઉત્પત્તિની માન્યતા સયુક્તિક નથી. સૃષ્ટિની વારંવાર ઉત્પત્તિ થવી એ પણ શકય નથી. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં વૈજ્ઞાનિક મત અધ્યાત્મમતવાદીઓને ન રૂચે પણ તેથી વૈજ્ઞાનિકોનો મત અસત્ય ઠરતો નથી. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં વિજ્ઞાનનું મંતવ્ય જ સત્યપૂર્ણ છે. સૃષ્ટિનું સ્વરૂપ જ એવું છે કે તેનો કોઈ કર્તા અને નિયામક ઈશ્વર છે એમ માની શકાય નહિ. મી. ફ્રીસ્ક તો એટલે સુધી કહે છે કેઃ—" સૃષ્ટિનું સ્વરૂપ એવું ઘોર છે કે પ્રાણીઓનાં દુઃખ આદિનો વિચાર કરતાં સૃષ્ટિની ઉત્પત્તિ ન થઇ હોત તો સારૂં એમ કહેવું પડે. સૃષ્ટિની રચના સર્વશક્તિમાન પ્રભુએ કરી છે એમ કહેવાય છે, પણ દુઃખ અને વિનાશરૂપ સૃષ્ટિ ઉત્પન્ન ન થઇ હોત તો શું ખોટું ? "

મી. મેલૉકે પોતાનાં એક પુસ્તકમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક સુંદર વિચારો વ્યક્ત કરે છે. તે એ વિચારો પ્રદર્શિત કરતાં તેઓ શું જણાવે છે તે હવે કહીશું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૪૨ થી શરૂ. )

હવે પ્રાચીન નિસિહીની દશા સાંભળો.

વર્તમાનમાં નવી થયેલ શ્રી શાંતિનાથજીની નિસિહીની સામે પ્રાચીન નિસિહી છે તેમજ શ્રી કુંથુનાથજી અને અરનાથજીની નિસિહી સામે પણ પ્રાચીન ઘુમટીઓવાળી મોટી નિસિહી હતી. અત્યારે એક છે, ચોતરફ બૂરજ છે, વચમાં સ્તૂપ વગેરે પણ હશે કિન્તુ વર્તમાન યુગના દિ. વ્યવસ્થાપકોએ પુરાણુ અપ્રિય કરી નાંખી તેનો તોડીફોડી નવું ઉભું કર્યું છે, ત્યાં શ્વે. જૈનોની પ્રાચીન પાદુકાઓ હતી એમ દર્શન કરનારા કહે છે. નવા સ્થાને પાદુકા ન રાખતાં સ્વસ્તિક જ રાખ્યા અને સ્વસંપ્રદાયના લાંબા લાંબા લેખો લગાવી દીધા છે. આપણે પૈસા ખર્ચીએ છીએ પરન્તુ સાથે જ સંપ્રદાયનો મોહ છોડી વિવેક અને દીર્ઘદ્રષ્ટિથી ઉપયોગ કરીએ તો પૈસાનો સુંદર સદુપયોગ થાય. અત્યારે કોઈ પુરાતત્ત્વપ્રેમી અને ઇતિહાસશોધક ત્યાં જાય અને નિસિહીઓ જુએ, પુરાણી નિસિહિની દુરાવસ્થા જુએ, તેને તોડીને જમીનદોસ્ત કરેલી જુએ તો જરૂર ખેદ થાય અને સાથે જ હિન્દીઓની આવી મૂર્ખતા માટે જરૂર બે આંસુ પણ સારે. ખરેખર અમને આ પુરાણી નિસિહીઓની દુરાવસ્થા જોઇ, તેના તરફ થતું દુર્લક્ષ્ય, ઉપેક્ષાભાવ જોઈ પારાવાર દુઃખ થયું. પ્રાચીન સ્થાનોને તોડી નાંખી અન્ય સ્થાને નવું કરવાનું કયા શાસ્ત્રમાં છે ? શું પ્રાચીન સ્થાને જ ઉદ્ધાર ન્હોતો થઇ શકતો ? અહીં અમને તો નવું કરાવવું તેને બદલે સંપ્રદાયનું મમત્વ અને મારાપણાનું અભિમાને જ કાર્યકર્ત્તાઓને આવું અનુચિત કાર્ય કરવા પ્રેર્યા હશે એમ લાગે છે. હાય ! સંપ્રદાયનું મમત્વ-મારાપણાનો મિથ્યા અભિનિવેશ મનુષ્યને કેટલો નીચે ઉતારે છે તે જોવાનું છે. પ્રાચીન પવિત્ર કલ્યાણકભૂમિના સ્તૂપોને અવગણી, તોડીફોડી નાંખી સ્વસંપ્રદાય માટે નવું-અન્ય સ્થાને જુદું કરવું એમાં કઈ ધર્મ ભાવના કે શ્રદ્ધા સમાઇ છે એ અણઉકેલ્યો કોયડો છે. આમાં નથી આત્મકલ્યાણ કે ધર્મભાવના. આમાં છે સંપ્રદાયિક વ્યામોહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કલહમાં ઘૃતાહુતિ. હજી પણ રહીસહી પુરાણી નિસિહી સાચવી રાખી તેનું પૂર્વ રૂપ રાખવામાં આવે તો સારૂં. એમાં જ સાચું જૈનત્વ અને વીતરાગના ઉપાસકત્વનું ફલ છે. આ સિવાય અહીં એક પ્રાચીન મંદિર ખાલી પડયું છે. તે પણ જૈનમંદિર લાગે છે, તેમજ એક બાવાની મઢીનું સ્થાન છે તે પણ પહેલા જૈનમંદિર હશે.

અહીં હસ્તિનાપુરના બે ભાગ કહે છે. એક પાંડવવિભાગ અને બીજો કૌરવવિભાગ. આદિનાથ ભગવાનની ટુંકથી પશ્ચિમે ઘણા પ્રાચીન ટીલા છે ત્યાં ચોમાસામાં ઘણા ધૂળધોઇયા આવે છે. દર વર્ષ પોતાના ભાગ્ય મુજબ કિમતી ચીજો લઇ જાય છે, તેમજ પ્રાચીન સિક્કા, વાસણો અને મૂર્તિઓ નીકળે છે. એક મુગટ, કુંડળ સહીત જિનમૂર્તિનું મસ્તક નીકળ્યું હતું પરન્તુ દિ૦ જૈનોએ તે ગંગામાં પધરાવ્યું અને એક નગ્ન મૂતિ નીકળી હતી તે શ્વેતાંબરોએ દિ.ને આપી. કહો કોની ઉદારતા અને સંકુચિતતા છે ?

અહીં અમને રાયબહાદુર પં. **દયારામ શાહની એમ એ.** ડાયરેકટર જનરલ ઓફ આર્કિઆલોજી ઇન ઇન્ડિયા મળ્યા. બહુ જ સજ્જન અને ભલા માણસ છે. પુરાતત્ત્વના વિશારદ છે એમ કહું તો ચાલે. અમારે ઘણી વાતચીત થઈ. નાલંદા વિભાગમાં જૈન વિભાગ ખોદવાનું, ક્ષત્રિયકુંડના જૈન ટીલા, શૌરીપુર, મથુરા અને હસ્તિનાપુર વિભાગ માટે વાતો કરી. પટ્ટાવલી સમુચ્ચય જોયો. જોઇને અતિવ ખુશી થયા. મથુરાના શિલાલેખોમાં આવતી ગુરૂપરમ્પરા–પટ્ટાવલી અને આમાંથી અમુક પટ્ટાવલી તદ્દન મળતી છે, તે બરાબર બતાવ્યું. તેમણે કહ્યું આવું સુંદર પુસ્તક હજી આ પ્રથમ જ લાગે છે. અમને જૈન સાહિત્ય જ મળતું નથી. અન્તમાં તેમણે કહ્યું: તમે મને પટ્ટાવલી સમુચ્ચય આપો અને હું આપને ક્ષત્રિયકુંડમાંથી ભગવાન્ મહાવીરના સમયની પ્રાચીન સાહિત્ય-સામગ્રી આપું. આ જીંદગીમાં બૌદ્ધ અને વૈદિક સાહિત્યની સેવા ઘણી કરી. હવે **વીર ભગવાનની સેવા કરવી છે.** દિલ્હીમાં મળીશ એમ કહી ગયા છે. પછી અમે તેમને સાથે રહી ત્યાંના પ્રાચીન સ્થાનો, ટીલા, શ્વે. દિ. મંદિર આદિ બતાવ્યું. શ્વેતાંબર મંદિરનો શિલાલેખ અમે લીધેલો. શ્રી શાંતિચંદ્રગણી પ્રતિષ્ઠિત મૂર્તિનો શિલાલેખ પણ લઈ ગયા.

હસ્તિનાપુર પરમ શાંતિનું સ્થાન છે. ખાસ સમય કાઢી રહેવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા !

( ગતાંક પૃષ્ઠ ૧૩૨ થી શરૂ )

## જૈનોનું સંસારિક જીવન.

જૈનોની સંસારિક સ્થિતિને લગતું બ્યાન અગાઉ દર્શાવેલ હોવા છતાં જણાવવાને ખેદ ઉત્પન્ન થાય છે કે બાળલગ્ન તથા વિધવાઓની કરૂણા દશાને લગતાં વર્ણનો જાહેર જનતાને વર્તમાનપત્રો મારફતે હમેશાં પૂરા પાડવમાં આવતાં હોવાથી તેને માટે જાહેર જૈન પ્રજાનું વધુ લક્ષ ખેંચવા માટે લંબાણુ લખવાનું રહેતું નથી, છતાં કહેવાની ફરજ પડે છે કે આપણી જ નિર્દોષ બાળાઓ ગરીબાઇ અને અજ્ઞાનતાને લીધે વૈધવ્યપણામાં પણુ કોઇ કોઇ ઠેકાણે અન્ય દર્શનીઓના ઘેરમાં બેસી જતી જોવાનું સાંભળવામાં આવે તે એક જૈન જેવી ઉંચ કોમ માટે ઘણું જ શરમાવનારૂં ગણાય. Free press journal જણાવે છે કે

---

થોડે દૂર ગંગા વહે છે. ચોમાસામાં અહીં મચ્છરાદિનો અતીવ ઉપદ્રવ હોય છે. મેલીરીયાનું જોર રહે છે. કાર્તિકથી વૈશાખ સુધી ઠીક છે. અમે તો બરોબર અક્ષયતૃતીયા ઉપરજ ત્યાં હતા. અહીં આવનાર શ્રાવકોએ દિલ્હીથી મેરઠ સુધી રેલ્વે અથવા તો મોટરમાં આવવું. મેરઠથી મવાના સુધી સડક છે. ૧૯ માઇલ છે. મોટરો મળે છે. ત્યાંથી છ માઈલ હસ્તિનાપુર છે. રસ્તો કાચો છે. મુશ્કેલીથી મોટર જાય છે. જીલ્લો મેરઠ, પોષ્ટ મવાના મું. હસ્તિનાપુર. આ પ્રમાણે પોષ્ટ છે. પંજાબથી પણ અહીં અવાય છે. **અહીં કાર્તિક શુદિ પૂનમનો મોટો મેળો ભરાય છે.** વ્યવસ્થા સારી રખાય છે. હસ્તિનાપુરમાં પહેલાં ત્રણ સ્તૂપો હતા જેમાં પાદુકા હતી, પરન્તુ તે ઠીક ન લાગવાથી તેના ઉપર આરસની પાદુકા પધરાવી પછી નવી પ્રતિષ્ઠા કરી હશે. હાલમાં તેના ઉપરની ત્રણે પાદુકા ત્યાંથી ઉઠાવી આદિનાથ ટોંકમાં પધરાવેલ છે અને જે સ્તૂપ છે તેમાં જુની પાદુકા પણ છે તે ભંડાર દાખલ છે. પાદુકાની અંજનશલાકા પ્રતિષ્ઠા નથી થયેલ.

અહીંથી વિહાર કરી મવાના થઇ અમે સરધના તરફ ગયા. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" The oppressive and tyranical customs of social life which relegate vast sections of the Community to outer Shades tead to their breaking a way from the ancient fold and adopt other faiths " આ કેટલેક અંશે સત્ય હોય તેમ માલુમ પડે છે.

## —સહકારનો અભાવ.—

આપણામાં અંદર અંદર આપસઆપસમાં કોઇ ઠેકાણે સહકાર્યથી કાર્ય કરવાની પદ્ધતિનો મોટો અભાવ જોવામાં આવે છે અને ' હું મોટો કે તું મોટો ' તેમ જ હું ખરો ને તું ખોટો એવી એવી ખોટી આંતરિક દૃષ્ટિથી આપણે હાથે કરેલી અધોગતીને પંથે વળતા જઇએ છીએ. આપણામાં સહકારની કેવી ભાવના છે, તે જોવું હોય તો પારસી કોમના ખાતાઓ અને તેમની કામ કરવાની પદ્ધતિ તરફ નજર કરો કે જે ઠેકાણે એક આગેવાન પારસીના હાથ નીચે ચાલતા ખાતામાં અનેક પારસીઓનું પોષણ થઇ શકતું હશે. જ્યારે જૈનોની પેઢીઓ, જે પારસીઓના ખાતાઓ કરતા બહોળા પ્રમાણમાં હોવા છતાં જેટલા પ્રમાણમાં પારસીઓનો નિભાવ થઇ શકે તેટલા પ્રમાણમાં જૈનોનું ભાગ્યે જ પોષણ થતું હશે. કચ્છીઓ અને મારવાડીઓ જેઓનો મોટો વર્ગ પ્રાથમિક શિક્ષણ લીધા બાદ પોતાની જ્ઞાતિમાં જ ગમે તે ઠેકાણે નોકરીએ ગોઠવાય જાય છે તેમને એક અપવાદ તરીકે ગણી શકાય, છતાં પણ મોટા પ્રમાણમાં " **સ્વામીવાત્સલ્ય** " શબ્દનો પૂરેપૂરો અર્થ આપણે કાં તો સમજ્યા નથી અથવા તો " **કોમી અભિમાન** " આપણામાં ભાગ્યે જ જોવામાં આવે છે તે ખુલ્લું જણાઇ આવે છે. નાનામાં નાના ગામડાથી શરૂ કરો અને શહેરોમાં ફરો પણ તમોને કવચિત જ એકસંપીથી આર્થિક અને ધાર્મિક કાર્ય થતું નજરે જોશો. લાગવગ અને દાક્ષિણ્યાતથી જ કોઇ કોઇ જગ્યાએ થતી બધી કાર્યવાહી માલુમ પડશે. શ્રીમંત અને ગરીબ વચ્ચે જાણે કે આડી દીવાલ ઉભી હોય તેમ એકબીજા વચ્ચે અંતર માલુમ પડશે. કોમની હૈયાતી ટકાવી રાખવા માટે અને સામાજિક હાજતો દૂર કરવા માટે આપણે હજી સુધી જોઇએ તેટલા પ્રમાણમાં કેળવણીની સંસ્થાઓ, નીરાશ્રિત ખાતાઓ, હોસ્પીટલો અને સુવાવાડખાતાઓ હસ્તી ધરાવતા જોઈ શક્તા નથી.

( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાવકાચાર.

( ગતાંક પૃષ્ઠ ૧૧૬ થી શરૂ )

સકળ જન્મોમાં સારરૂપ મનુષ્ય જન્મ પામી સુજ્ઞ પુરૂષે નિરંતર ધર્મ આચરવો કે જેથી સદા સુખ પ્રાપ્ત થાય છે, માટે દાન, ધ્યાન, તપ અને જ્ઞાનવડે હંમેશા દિવસ સફળ કરવો.

આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે છતે અથવા અંત સમયે જીવ પરજન્મનું પ્રાયઃ શુભાશુભ આયુષ્ય બાંધતો હોવાથી આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહેતાં પ્રાણીએ પાંચ પર્વદિવસોમાં પુણ્યકર્મ આચરવું જેથી અવશ્ય પોતાનું પરભવ સંબંધી આયુષ્ય બાંધે છે.

બીજનું આરાધન કરતાં સાધુ ગૃહસ્થ સંબંધી ધર્મ આરાધી શકાય છે.

પંચમીનું આરાધન કરતાં પ્રાણી પાંચ જ્ઞાન, પાંચ ચારિત્ર અને પાંચ વ્રત પામે છે, પાંચ પ્રમાદનો અવશ્ય જય કરે છે.

અષ્ટમીનું આરાધન કરતાં અષ્ટ કર્મનો નાશ થાય છે, પંચ પ્રવચન માતાની શુદ્ધિ થાય છે, આઠ મદનો ક્ષય થાય છે.

એકાદશીના દિવસે ધર્મ આચરતાં શ્રાવક અવશ્ય અગીયાર અંગ અને શ્રાવકની અગીયાર પ્રતિમાને આરાધે છે.

ચતુર્દશીના દિવસે ધર્મ આચરતાં શ્રાવક ચૌદ પૂર્વને આરાધી છેવટે ચૌદ રાજલોક ઉપર આવેલ મોક્ષને પામે છે. અનેક સુકૃત આચરતાં રાગ દ્વેષનો જય કરી શકાય છે. એ પાંચે પર્વ ઉત્તરોત્તર અધિક ફળદાયક હોવાથી તે દિવસે કરવામાં આવેલ ધર્મ અધિકાધિક ફળદાયક થાય છે. એ પ્રકારે પર્વ દિવસે વિશેષ પ્રકારે ધર્મ આરાધન કરવું અને પૌષધ, પ્રતિક્રમણનું પણ સાથે આરાધન કરતાં સ્નાન અને મૈથુનનો ત્યાગ કરવો.

મુક્તિને વશ કરવામાં પરમ ઔષધ સમાન ઉત્કૃષ્ટ પૌષધ તે દિવસે સુજ્ઞ શ્રાવક કરે, તેવી શક્તિના અભાવે સામાયિક વ્રત આચરે.

અરિહંત ભગવાનોના પાંચે કલ્યાણકો હોય તે દિવસ પણ ધર્મારાધન કરે. તે એવી રીતે કે એક કલ્યાણક હોય તો એકાશન, બે હોય તો વિગયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગરૂપ નિવિ, ત્રણ હોય તો પુરિમઢ્ઢ સહિત આયંબીલ, ચાર હોય તો ઉપવાસ, પાંચ હોય તો પુરિમઢ્ઢ સહિત ઉપવાસ કરવો—એમ આ પાંચ કલ્યાણક તપ પાંચ વર્ષે પૂર્ણ કરે.

વળી અરિહંતાદિ પદરૂપ વીશ સ્થાનકોની ભાગ્યવંત શ્રાવક એકાશનાદિ તપથી વિધિપૂર્વક આરાધના કરે. તે આરાધના વિધિપૂર્વક અને ધ્યાનમાં તત્પર રહીને કરતાં સમસ્ત દુઃખનો નાશ કરનાર અને ઉત્કૃષ્ટ એવા તીર્થંકર નામકર્મને તે સુજ્ઞ શ્રાવક ઉપાર્જન કરે.

જે શ્રાવક ઉપવાસ કરી સાડાપાંચ વર્ષ શુકલ પંચમીનું આરાધન કરે તે મોક્ષગતિને પામે છે.

વ્રત સંપૂર્ણ થાય ત્યારે ઉજમણું કરવું, તેવી શક્તિ ન હોય તો બેવડું વ્રત કરવું અને જેટલા દિવસો તપના થાય તેટલા શ્રાવકો જમાડવા.

ઉજમણું કરનાર સુજ્ઞ પુરૂષે જ્ઞાનના પાંચ પાંચ ઉપકરણો પંચમીના ઉદ્યાપન માટે કરાવવા, તેટલા જ ચૈત્યોના પણ ઉપકરણો કરાવવા.

ચૌદશને દિવસે ઉપવાસ કરી પાક્ષિક પ્રતિક્રમણ કરનાર મનુષ્ય પોતાના માતપિતાને વિશુદ્ધ બનાવે છે.

સુજ્ઞ શ્રાવક ત્રણ ચૌમાસીના દિવસે છઠ્ઠ તપ કરે અને સંવત્સરી પર્વના દિવસે અઠ્ઠમ તપ આચરે તથા તે દિવસની આવશ્યક ક્રિયામાં તત્પર રહે.

સઘળી અઠ્ઠાઇના દિવસોમાં તથા પર્વને દિવસે શ્રાવક પોતાના ઘેર ખાંડવું, પીસવું વગેરે આરંભનો ત્યાગ કરે.

શ્રી પર્યુષણા પર્વમાં શ્રાવક નિર્મળ ચિત્તથી કલ્પસૂત્ર સાંભળે અને શાસનની પ્રભાવના કરતાં તે પોતાના ગામમાં જીવદયા પળાવે.

ધર્મ આચરતાં શ્રાવક કદિ સંતોષ ન પામે. તે હંમેશા અતૃપ્ત રહીને અધિકાધિક પ્રેમથી ધર્મકાર્યો કરતો રહે.

શ્રી પર્યુષણ પર્વમાં સાવધાન થઇ કલ્પસૂત્ર સાંભળનાર પુણ્યશાળી આત્મા આઠ ભવની અંદર મહામંગળકારી મોક્ષપદને પામે છે.

નિરંતર સમ્યક્ત્વના સેવનથી અને બ્રહ્મચર્યના પાલનથી લોકમાં જે પુણ્ય પ્રાપ્ત થાય તેટલું પુણ્ય શ્રી કલ્પસૂત્ર સાંભળવાથી પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરના ઉપદેશનું રહસ્ય.

( લેખક—સદ્‌ગુણાનુરાગી મુનિ૦શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

૧ સહુ જીવોને તમે સ્વઆત્મા સમાન ગણી સહુ સાથે ભાયચારો રાખો. તેમને દુઃખ–સંકટ પડે તેમાં બનતી સહાનુભૂતિ આપો. ગમે તેવો દુશ્મન હોય તેને પ્રેમથી અપનાવો–પોતાનો મિત્ર કરી લ્યો.

૨ વૈરીનો ઉદ્ધાર ખાસ કરવો શ્રેષ્ઠ છે તેથી વૈરની પરંપરા છૂટી જાય છે. એવી સદ્‌બુદ્ધિ સૂઝે અને પ્રયત્ન વિશેષ કરવો તે જરૂરનો છે.

---

વિવિધ દાન દેવાવડે, તપ કરવાવડે અને સારા તીર્થોની ઉપાસના કરવાવડે પ્રાણીનું જે પાપ ક્ષીણ થાય તેટલું પાપ કલ્પસૂત્ર સાંભળવાથી ક્ષીણ થાય છે. જેમ મુક્તિ ઉપરાંત કોઇ પરમ પદ નથી, શત્રુંજય તીર્થ સમાન અન્ય ઉંચુ તીર્થ નથી અને સમ્યકત્વ કરતાં બીજું પરમ તત્ત્વ નથી, તેમ કલ્પસૂત્ર કરતાં બીજું પરમ સૂત્ર નથી.

દીવાળીની અમાસ અને કારતક શુદિ ૧ પડવાના દિવસે અનુક્રમે નિર્વાણ અને કેવળજ્ઞાન પામેલા શ્રી વીરપ્રભુ તથા ગૌતમસ્વામીનું સ્મરણ કરવું.

દીવાળી પર્વમાં જે શ્રાવક છઠ્ઠ કરી શ્રી ગૌતમસ્વામીનું સ્મરણ–ધ્યાન કરે તે આ લોક અને પરલોકમાં અવશ્ય મહોદયને પામે છે.

ઘર દેરાસર કે ગામના જિનમંદિરે વિધિપૂર્વક શ્રીજિનેશ્વરની પૂજા, ભક્તિ, મંગળદીપ ઉતારીને સુજ્ઞ શ્રાવક પોતાના બંધુઓ સાથે ભોજન કરે.

ભગવંતના પાંચે કલ્યાણકોને પરમ ઉત્તમ દિવસો ગણી શ્રાવકે પોતાની યથાશક્તિ પ્રમાણે સારા અર્થી જનોને યથોચિત દાન આપવું.

એ રીતે પર્વ દિવસે ઉત્તમ કૃત્ય આચરતાં, સુંદર આચારવડે આશ્રવ માર્ગને રોકનાર તથા સુવિધિથી પોતાની શુદ્ધ બુદ્ધિને વૃદ્ધિને પમાડનાર શ્રાવક દિવ્ય સુખ ભોગવીને છેવટે મુક્તિના સુખ પામે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ પાપકર્મ પ્રત્યે ભલે તિરસ્કાર રાખો પણ પાપી જીવ તરફ લગારે તિરસ્કાર ન રાખો. શુદ્ધ પ્રેમભાવથી તેની ભૂલ સુધારવી તે ફરી ફરી પાપકર્મથી દુઃખી થવા ન પામે એવો એને પુણ્યમાર્ગ બતાવો.

૪ તદ્દન દુઃખદાયક કદાગ્રહ દુર્ગુણને તજી ખૂબ ઉદારદિલના બનો. સદા પ્રસન્નતા સેવી તમે તત્ત્વ–ઉપદેશનું ઠીક મનન કરતા રહો.

૫ રાગ–દ્વેષ–ભય, વિષયવિકાર અને મોહ–કષાયને જીતી લ્યો. ધીરજ રાખો. સમભાવ સુખ–દુઃખ સમયે વિશેષ રાખવા પ્રયત્ન કરો.

૬ દુર્ગતિ–અવનતિ આપનાર અહંકારને મમકાર ( હું ને મારૂં ) તજો. તપ સંયમસેવનમાં રક્ત રહો અને લોભ–તૃષ્ણા માત્રને દૂર કરો.

૭ મિથ્યાત્વ–અસત્ય આગ્રહ તજી, સત્ય–સમ્યક્ત્વની ઉપાસના કરો, કષ્ટ પડે તેથી ડરો નહી અને સિંહ જેવા શૂરા બનો. કોપ કરી શ્વાન જેવા ન બનો.

૮ આત્મજ્ઞાની અને આત્મ દર્શી બનો અને સંકલેશ બુદ્ધિ તજો. દઢતાથી સદાચારનું પ્રમાદ જીવન દૂર તજી પાવન કરો.

૯ જેમ બને તેમ ભોજનાદિક વ્યવહારમાં સંયમને સાદાઈ રાખો. વસ્ત્ર પોશાકમાં પણ સાદા બનો. શુદ્ધ વસ્તુથી સંતોષ ધરો. વિશ્વપ્રેમ ( સારી આલમ) સાથે પ્રેમભાવ જાગૃત રાખી સઘળાં હિત કાર્ય કરો. પાપકર્મ તમામ તજી, શુદ્ધ–નિર્મળધર્મ–કર્તવ્ય સેવતા રહો.

૧૦ સહુનું કલ્યાણ–મંગળ થાવ ! એવી મૈત્રીભાવના સદોદિત જાગૃત રાખો. દયા–ક્ષમાદિક ગુણમાં રક્ત રહી, બને એટલી જન–સેવામાં તત્પર રહો, જેથી સ્વપર હિતમાં વૃદ્ધિ થયા કરે. બસ એટલુંજ કહેવાનું છે. આવા ટુંકા પણ આત્મબોધથી જાગૃત રહેતા જરૂર કલ્યાણ થાય છે.

૧૧ ઉપર બતાવેલા ટુંક પણ આત્મબોધને મેળવી લઇ એ મુજબ ચાલવાથી આચરણ કરતા રહેવાથી પોતાના આત્મપ્રદેશો ખૂબ નિર્મળ થવા પામશે અને અનુક્રમે સૂર્યોદયની પેરે સ્વઆત્મ પ્રકાશ જાગશે, જેથી સ્વપરનું અવશ્ય હિત થઇ શકશે. પૂર્વે પણ એવા ચારિત્ર સદાચરણનું દઢતાથી પાલન કરી અનંતા જીવોનું કલ્યાણ થયું છે તેમ આપણું પણ કલ્યાણ અવશ્ય થઇ શકશે. ઈતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ગૃહચૈત્યમાં પ્રતિષ્ઠા.

## પ્રતિષ્ઠા અને તેનું રહસ્ય.

શ્રી મહાવીર **જૈન** વિદ્યાલયનાં ગૃહચૈત્યમાં પ્રતિષ્ઠા ઉગ્ર **પ્રસંગે** વિહાર કરતાં શ્રીમદ્ **વિજયવલ્લભસૂરિજી** પોતાના શિષ્ય પરિવાર સહિત શ્રી મહાવીર **જૈન** વિદ્યાલયમાં પધારેલા છે. તેઓશ્રીએ વિદ્યાલયના સભાગૃહમાં પ્રતિષ્ઠા મહોત્સવ અને કેળવણીના વિષય ઉપર એક અતીશય સુંદર અને મનનીય પ્રવચન કર્યું હતું તે અતિશય ઉપયોગી હોઇ તેનો અહીં સાર આપીએ છીએ. તેઓશ્રીએ પ્રતિષ્ઠા શબ્દનું રહસ્ય સમજાવતાં કહ્યું કે અખિલ વિશ્વમાં કોઇ ને કોઇ રૂપમાં જુદાં જુદાં નામથી આ ક્રિયા અથવા સંસ્કાર પ્રચલિત છે. પ્રતિષ્ઠા જડ અને ચેતન ઉભયની થાય છે. આપણે જોઇએ અને જાણીએ છીએ કે દુનીયામાં અમુક વ્યક્તિઓ માનનીય બનેલી છે તે કોઇ ને કોઇ કાર્ય અને સંસ્કારને લઈને જ તેવી બનેલી હોય છે. પ્રતિષ્ઠા વગર કોઇ પ્રતિષ્ઠિત હોય એ બનતું નથી અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતાં પહેલા તે માન અને આદરને પાત્ર ગણાતું નથી. પ્રતિષ્ઠિત ગણવાના ધોરણમાં ભિન્નતા જોવામાં આવે છે તે વિચારભેદનું પરિણામ છે અને તેથી એકની પ્રતિષ્ઠિત વ્યક્તિ, દેવ અગર ગુરૂ બીજાને માન્ય બનતી જોવામાં નથી આવતી. જેમ ચેતનની બાબતમાં તેમજ જડની બાબતમાં છે. આપણે જોઈએ છીએ કે નવા અને જુના એ બન્ને પ્રકારના માણસો જડની પ્રતિષ્ઠા કરે છે. નવા મકાનની પ્રતિષ્ઠા, કૂવાની પ્રતિષ્ઠા, નવી રેલ્વે એન્જીન અથવા ટ્રેઇનની પ્રતિષ્ઠા, સ્ટીમરની પ્રતિષ્ઠા વગેરે અનેક પ્રકારની પ્રતિષ્ઠાઓ ઠેર ઠેર જોવામાં આવે છે. અલબત દરેક જગ્યાએ પ્રતિષ્ઠા શબ્દનો પ્રયોગ થતો નથી કોઈ " ઇન્સ્ટીલેશન " કોઇ "ઓપનીંગ સેરીમનીઝ " એવા નામથી આ ક્રિયા કરે છે, તે પ્રસંગે પાર્ટીઓ આપે છે અને બીજા અનેક પ્રકારના ખરચ કરે છે. જેમ આ ચીજોની પ્રતિષ્ઠા છે તેવી જ મૂર્ત્તિઓની પ્રતિષ્ઠા છે. તેવી મૂર્ત્તિઓની અંદર અનેક પ્રકારની ભાવનાઓ ઉતારવાની હોય છે, તેને લાગેલી અનેક અશુદ્ધિઓ ટાળવાની હોય છે અને પછી જે એક નકલ છે તેને આપણી અક્કલથી તેના અસલરૂપે ગણી તેનું ધ્યાન આદિ ધરવાનું હોય છે. મૂર્ત્તિ તરીકે જ રહે ત્યાં સુધી આત્માને લાભકર્તા નથી પરંતુ તેને જેટલે અંશે આપણે અસલ રૂપ બનાવી અસલના ગુણો આદિની ચિંતવના મનન આદિના આલંબન રૂપ બનાવીએ તેટલે અંશેજ તે આપણને લાભકર્તા બને છે. મૂર્ત્તિ પાછળની આપણી ભાવનાજ આપણી ઉન્નતિ અને ઉત્કર્ષનું સાધન બને છે. એ અસલની નકલને વિષે જેને માન જ ન હોય તેને કશો જ લાભ થવાનો નથી. આમ વિવિધરૂપે સમજુતી આપી તેઓશ્રીએ મૂર્ત્તિની આવશ્યકતા ઉપર બોલતાં જણાવ્યું કે આપણને જ્યાં સુધી અતિન્દ્રીય જ્ઞાન થતું નથી ત્યાં સુધી અમૂર્તને ઓળખી જ શકવાના નથી. આપણી ઇન્દ્રિયો અને બુદ્ધ મૂર્ત્તિ વસ્તુને જ ગ્રહણ કરી શકે છે. અમૂર્તને કોઇપણ સત મૂર્ત સ્વરૂપ આપ્યા સિવાય તેને વિષે આપણે કંઈ વિચાર જ કરી શકતા નથી. અને મારૂં તો માનવું છે કે હરેક વ્યક્તિ એક યા બીજા રૂપમાં મૂર્ત્તિપૂજકજ છે. મૂર્ત્તિની સામે ઉભા રહેતાં અસલનીજ કલ્પના કરવી જોઇએ અને તેથી આપણા દેવ અથવા દેવી વિષેની કલ્પના ઉંચામાં ઉંચી હોવી જોઇએ. જેનામાં કોઇપણ દોષ ન હોય અને જે સર્વ ગુણોથી અલંકૃત હોય તે આપણા દેવ છે. તેનું નામ ગમે તે હોય ! નામ કે શબ્દની લડાઇ કરવી એ મુર્ખનું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુનામાં નવી જૈન જ્ઞાનસંસ્થાનું ઉદ્ઘાટન.

## જૈન સાહિત્ય મન્દિર.

### મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજીએ ખોલેલું જાહેર શિક્ષણકાર્ય.

સુપ્રસિદ્ધ વિદ્વાન્ મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી મહારાજે પુનામાં **જૈનસાહિત્યનો** જ્ઞાનલાભ ત્યાંના વિદ્વાન્ તથા અભ્યાસી વર્ગને સુલભ કરી દેવાના હેતુએ " ફરગ્યુશનરોડ " પર **જૈન સાહિત્ય મન્દિર** ઉઘાડયું છે. આ સિવાય, કોલેજના વિદ્યાર્થીઓ તથા બીજા અભ્યાસીઓ જેઓને સંસ્કૃત તથા અર્ધમાગધીનું શિક્ષણ લેવું હોય, તેમજ જેમને ન્યાય તથા દર્શનશાસ્ત્રોનું શિક્ષણ લેવું હોય, તેમને તે વિષયોનું શિક્ષણ આપવાની યોજના પણ આ સંસ્થામાં રાખવામાં આવી છે. આ મન્દિરમાં **જૈનસાહિત્ય** ઉપરાંત વૈદિક આદિ સાહિત્યનો સંગ્રહ પણ હોવાથી તેમ જ સામાયિક વાંચનસામગ્રી પણ પ્રસ્તુત હોવાથી દાર્શનિક અભ્યાસીઓ ઉપરાંત સાર્વજનિક પ્રજાને માટે પણ વાચનાલય તરીકે તેનાં દ્વાર ખુલ્લાં રાખવામાં આવ્યા છે. આ જાતની **જૈન** જ્ઞાનસંસ્થા પુનામાં આ પહેલી જ ઉઘડે છે અને પુનાની શિક્ષિત જનતાને બહુ ઉપકારક થઇ પડશે. મહારાજશ્રી પુનાના "' ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ " ના **જૈન** વિભાગનું સંશોધન કાર્ય પણ હાથ ધરનાર છે. સંસ્થાનું એડ્રેસ–જૈન સાહિત્ય મન્દિર ઠે૦ ફરગ્યુશનરોડ, ગણેશવાડી–બંગલો નં ૩ પુના ૪

---

છે. આ બાબતમાં ભાષણકર્તાએ અનેક દાખલા અને દલીલો આપ્યા બાદ સંસ્થાના વિદ્યાર્થીઓને પોતાના ઇષ્ટદેવની મૂર્ત્તિની અસલ તરીકેની અભેદ ભાવનાપૂર્વક સેવા આદિ કરવાને ઉપદેશ કર્યો હતો. ત્યારબાદ વ્યાખ્યાનકર્તાએ સંસ્થાના સંબંધમાં લોકોમાં ચાલી રહેલી અનેક વિચારણાઓ તરફ વિદ્યાર્થીઓનું અને મેનેજીંગ તથા જનરલ કમીટીનું તથા સકળ જૈન સંઘનું ધ્યાન ખેંચતા સર્વેને પોતપોતાની ફરજોનું સુંદર મનસ્પર્શી ભાન કરાવ્યું હતું અને સરવે જૈન ભાઇઓને આ સંસ્થાના ઉદ્દેશ વગેરે સમજાવી તેના પ્રત્યેક પ્રગતિસાધક કાર્યમાં રસ લેવાને માટે આગ્રહ કર્યો હતો. આ પ્રકારની ચર્ચા કરતા કરતા તેઓશ્રી કેળવણીના પ્રશ્ન ઉપર ઉતરી ગયા હતા અને વ્યવહારિક અને અધ્યાત્મિક એમ બન્ને પ્રકારની કેલવણી લેવાને માટે વિદ્યાર્થીઓને શિખામણ આપી હતી અને કહ્યું હતું કે આધ્યાત્મિક કેળવણીનું સાધન ધર્મ અને સદાચારનું સેવન જ છે. આધ્યાત્મિક કેળવણી વગરની વ્યવહારિક કેળવણી અર્થ વગરની છે જે કેળવણી નીતિમાન ન બનાવે, ઉન્નત આદર્શ જીવન જીવવાની પ્રેરણા ન કરે, જે સમાજસેવા અને દેશસેવા કરવા ન પ્રેરે તે કેળવણીના નામને જ યોગ્ય નથી. વિદ્યાર્થીઓએ પુરા પ્રમાણિક થવું ઘટે. તેમણે લીધેલી પ્રતિજ્ઞાઓનું પુરેપુરૂં પાલન કરવા પ્રયત્નશીલ થવું જોઇએ કેવળ લાભ લેવાની વૃત્તિ નહીં રાખવાની અને ભવિષ્યમાં બીજાને લાભ આપવાની ભાવના હૃદયમાં રાખવી અને પોષવી જોઈએ, એમ કેળવણીના વિષયમાં પણ અનેક દાખલાઓ વગેરે આપી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**૧ કર્મભૂમિ** – પ્રથમ ભાગ શ્રી પ્રેમચંદજીકૃત અનુવાદક માણેકલાલ ગોવિંદલાલ જોશી (સચિત્ર) કિંમત બે રૂપીયા. શ્રી પ્રેમચંદજીકૃત આ નવલકથાઓ સરલ અને સચોટ અસર કરે તેવી છે. તે માંહેના પાત્રો પોતાની ફરજ કેવી બજાવે છે, એક કહેવાતી ભીખારણ જેવી સ્ત્રી પોતાનું શિયળ સાચવવા શું શું કરે છે અને તેના માટે અમરકાન્ત ફક્ત ન્યાય મેળવવા કેવા પ્રયત્નો કરે છે એ સર્વ મનન કરવા જેવું છે. આ વાર્તા હજી અધુરી છે જેથી વિશેષ માટે હવે પછી.

**૨ સ્વામી**—શ્રી શરચ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાયરચિત શરદ ગ્રંથાવલી પુસ્તક ૫ મું. કિંમત રૂા. ૧–૪–૦ અનુવાદક રમણલાલ પી. સોની. આ બુકમાં પાંચ વાર્તાનો સમૂહ છે. સ્વામી એકાદશી વૈરાગી, ધૂળમાં રતન, ગર્વખંડન, હરિચરણ. બંગાલી ભાષામાં મૂળ લેખક મહાશયનું ગુજરાતીમાં અવતરણ છે. શ્રી શરદ બાબુએ ગુણકલાની દૃષ્ટિએ સ્વામી વાર્તા લખી છે. આવી આવી ટુંકી કથાઓ છતાં સાદી, સરલ, ભાવપૂર્ણ કથાઓ છે. શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક જેવા સાક્ષરવર્યે આ ગ્રંથમાં લખેલ ઉપોદ્ઘાતમાં મનનીય અને સારો પ્રકાશ પાડ્યો છે.

**૩–૪–૫** ગુર્જરબાળ ગ્રંથાવલી પૃ. ૧૮. ૧૯. ૨૦. ૧ **ચાંદોસૂરજ, ૨ જંગલમાં રખડતાં, ૩ જ્ઞાનગંગા** લેખક ભાનુપ્રસાદ ભર૦ રમણલાલ સોની ૧૮ સૌ. કપિલા ઠાકોર બી. એ. ૧૯ લેખકો છે. બાળકોના જ્ઞાનની યોગ્ય વૃદ્ધિ થાય, કેટલીક ઉપયોગી માહેતી મેળવે, બાળકોને જ્ઞાનની જીજ્ઞાસા ઉત્પન્ન કરે અને બાળકોને વાંચતા આનંદ ઉપજાવે તેવી સરલ, સાદી ભાષામાં પ્રકાશક **ગૂર્જર ગ્રંથકાર્યાલય અમદાવાદે** ઉપાડેલું આ બાળ સાહિત્ય વૃદ્ધિનું કાર્ય આવકારદાયક છે, તે પ્રકાશકની આ ગ્રંથાવળીના પુસ્તકો બાળકોને વંચાવવા જેવા છે. દરેક ગૃહમાં તે હોવા જોઇએ.

નં. ૧ **કર્મભૂમી** નંબર ૨ **સ્વામી** ઉપરોક્ત બંને ગ્રંથોના પ્રકાશક **શ્રી ગૂર્જર ગ્રંથ-કાર્યાલય, શ્રી શંભુલાલ જગશી શાહ ગાંધીરોડ–અમદાવાદ છે.** સારા લેખકોના ઉત્તમ વાર્તાના ગ્રંથો પ્રગટ કરી કથા સાહિત્યમાં પણ છાપકામ, બાઇન્ડીંગ વિગેરેથી આકર્ષક બનાવી પ્રકટ કરે છે કિંમત પણ યોગ્ય રાખે છે. આવા ગ્રંથો લાઇબ્રેરીમાં રાખવા લાયક, વાંચવા યોગ્ય હોઈ પ્રકાશકને ઉત્તેજન આપવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઘણીજ થોડી નકલો છે....જલદી મંગાવો.... જલદી મંગાવો.......

## श्री बृहत् कल्पसूत्रम्—

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )

નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે? તે માટે મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. કિંમત રૂા. ૪) પોસ્ટેજ બાર આના.

---

## શ્રીપાળરાજાનો રાસ.

( સચિત્ર અર્થ સહિત. )

આજ સુધીમાં પ્રગટ થયેલ રાસો કરતાં આ રાસમાં ઘણી નવીનતાઓ હોવાથી સર્વ સ્થળે ઉપયોગી મનાયો છે. ઓળીના અંગે ઉપયોગી દરેક વિધિવિધાનો, સ્નાત્રો, પૂજાઓ સાથે આપવામાં આવેલ હોવાથી આ એક જ પુસ્તકથી આરાધન થવા સાથે રાસ પણ સાથે વંચાય છે.

શ્રીનવપદમંડળ, શ્રીસિદ્ધચક્રયંત્ર, અને પ્રસંગોને બંધબેસતા અને પુંઠા ઉપરના મળી ચૌદ વિવિધ રંગની છબીયો, ગુરૂભક્તિ નિમિત્તે બે ગુરૂમહારાજની છબીયો વગેરે સાથે આપવામાં આવેલ છે. ઉપયોગી સંગ્રહ, સુંદર કાગળ, દળદાર અને મનહર મજબુત બાઇડીંગ એવા અનેક આકર્ષણો હોવા છતાં ખપી જીવોની સગવડ માટે ઓછી કિંમત રાખવામાં આવેલ છે. ઉંચા કપડાના બાઇડીંગના રૂા. ૨-૮-૦ ચાલુ કપડાના બાઇડીંગના રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

---

૨ જૈનધર્મ—યુરોપીયન વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી૦ હરબર્ટ વૉરનનો લખેલ "જૈનીઝમ" જૈનદર્શન-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ( જીવનના મહાન પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન તેનું ગુજરાતી ભાષાંતર આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે, જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે. કિંમત રૂા. ૧-૦-૦

---

૩ શ્રી સંવેગદ્રુમકન્દલી—શ્રી વિમલાચાર્યરચિત મૂળ સાથે ભાષાંતરઃ—સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિથી બળીજળી રહેલા આત્માને અપૂર્વ ઔષધરૂપી પરમશાંતિ પ્રગટ કરાવી સંવેગ માર્ગ તરફ લઇ જનાર આ લઘુ ગ્રંથ છે. મૂળ કાવ્યો સુંદર સંસ્કૃત ભાષામાં અને તેનું ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવેલું છે. આ ગ્રંથ આધ્યાત્મિક સાહિત્યનો છે. ઉંચા કાગળ, સુંદર શાસ્ત્રી ટાઇપ અને સુશોભિત બાઇડીંગમાં અલંકૃત કરાવેલ છે. સૌ કોઈ લાભ લે તે માટે માત્ર ચાર આના ( પોસ્ટેજ સવા આનો જુદો ) કિંમત રાખવામાં આવેલ છે.


---

સુધારો—પોસ માસના અંકમાં પા૦ ૨૪ લાઇન ચોથીમાં લૌકિકને બદલે "લોકિક" વાંચવું.

For Private And Personal Use Only

Reg. No. B. 431

---- શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક રા. સુશીલ. )

( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત, રસિક કથા ગ્રંથ. )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીધનેશ્વર મુનિના આ કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી, સરલ રીતે આ ગ્રંથનીરચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર), પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાના સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮--૦ પોસ્ટેજ જુદું.

---

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર ફોટાઓ.

| નામ. | કિંમત. |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ | ૦-૮-૦ |
| શ્રીપાર્શ્વનાથ પદ્માવતી | ૦-૮-૦ |

| નામ. | કિંમત. |
|---|---|
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| શ્રી રાજગિરિ-સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| છ લેશ્યા. | |
| મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે | ૨-૮-૦ |
| જંબુદ્રીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર. રંગીન બહુજ મોટી સાઇઝ | ૦-૬-૦ |

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.